**ડ્રાફ્ટ શાખા વિસ્તરણ નીતિ (Draft Branch Expansion Policy)**

**------------------ સહકારી બેંક**

**1. પ્રસ્તાવના**

બેંકના સ્થિર અને ટકાઉ વિકાસ માટે શાખા વિસ્તરણ એક મહત્વપૂર્ણ ઘટક છે. પરંતુ, આ વિસ્તરણ વ્યવસ્થિત આયોજન, નાણાકીય સક્ષમતા અને લાગુ પડતા નિયમનકારી માર્ગદર્શિકાઓના પાલન સાથે જ હાથ ધરવું આવશ્યક છે. આ નીતિ દ્વારા બેંકની શાખાઓના ખોલવા, ખસેડવા, વિલીન કરવા અને બંધ કરવા અંગેનો એક સચોટ માળખું નિર્ધારિત કરવામાં આવે છે.

**2. નિયમનકારી માળખું**

આ નીતિ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા જારી કરવામાં આવેલા સર્ક્યુલર DOR.LIC.REC.No.330 /07-01-000/2025-26, તારીખ 04 ડિસેમ્બર 2025 મુજબ ઘડવામાં આવી છે. આમાં અર્બન કો-ઓપરેટિવ બેંકો માટે બિઝનેસ ઓથોરાઇઝેશન, ECBA માપદંડો, ઓટોમેટિક રૂટ હેઠળ શાખા વિસ્તરણ, વાર્ષિક બિઝનેસ યોજના તથા કાર્યક્ષેત્રના વિસ્તરણ સંબંધિત માર્ગદર્શિકાઓનો સમાવેશ થાય છે.

**3. નીતિના ઉદ્દેશો**

આ નીતિના મુખ્ય ઉદ્દેશો એ છે કે બેંકમાં શાખા વિસ્તરણ યોજનાબદ્ધ અને ટકાઉ રીતે થાય, RBIના નિયમોનું સંપૂર્ણ પાલન થાય, ગ્રાહકોને બેંકિંગ સેવાઓ વધુ સરળતાથી ઉપલબ્ધ થાય અને નવી શાખાઓ નાણાકીય રીતે વ્યવહારુ અને સક્ષમ રહે.

**4. શાખા વિસ્તરણ માટે આયોજન**

બેંક દ્વારા ટૂંકા ગાળાના તેમજ મધ્યમ ગાળાના શાખા વિસ્તરણ માટેના આયોજનમાં બેંકની નેટવર્થ, મૂડી પર્યાપ્તતા પ્રમાણ (CRAR), વધારાની મૂડી ઉપલબ્ધતા તેમજ પ્રસ્તાવિત સ્થળોની વ્યવસાયિક સંભાવનાનો વિચાર કરવામાં આવશે. આ સમગ્ર યોજના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ સમક્ષ મંજૂરી માટે રજૂ કરવામાં આવશે.

**5. ECBA માપદંડોનું પાલન**

શાખા વિસ્તરણ શરૂ કરતા પહેલા બેંકે ECBA હેઠળ નક્કી કરેલા માપદંડોનું પાલન કરવું આવશ્યક છે. રિઝર્વ બેન્ક દ્વારા નિર્દેશિત મૂડી પર્યાપ્તતા ધોરણ (Required CRAR) કરતાં ઓછામાં ઓછું 1% વધારું હોવું, નેટ એનપીએ 3% અથવા તેથી ઓછું હોવું, છેલ્લા બે નાણાકીય વર્ષમાં નફો કમાવ્યો હોવો, CRR અને SLRમાં કોઈ ડિફોલ્ટ ન હોવો, CBS સંપૂર્ણ અમલમાં હોવો, બેંક RBIના કોઈ નિયંત્રણ હેઠળ ન હોવી તથા બોર્ડમાં ઓછામાં ઓછા બે પ્રોફેશનલ ડિરેક્ટર્સ હોવા જરૂરી છે. આ તમામ બાબતો અંગે બોર્ડ દ્વારા પસાર કરાયેલ ઠરાવ 31 માર્ચના ઓડિટેડ એકાઉન્ટ્સ અપનાવ્યા બાદ 15 દિવસની અંદર RBIને મોકલવાનો રહેશે.

**6. ઓટોમેટિક રૂટ હેઠળ શાખા વિસ્તરણ**

જો બેંક ECBA માપદંડોનું પાલન કરે છે અને વધારાની મૂડી (Head Room ઉપલબ્ધ છે, તો તે ઓટોમેટિક રૂટ હેઠળ નવી શાખાઓ શરૂ કરી શકે છે. જોકે, એક નાણાકીય વર્ષ દરમિયાન નવી ખોલાતી શાખાઓની સંખ્યા બેંકની કુલ શાખાઓના 15% થી વધુ ન હોવી જોઈએ.

**7. વાયબીલીટી સ્ટડી**

નવી શાખા શરૂ કરતા પહેલા પ્રસ્તાવિત સ્થળ અંગે વિગતવાર **વાયબીલીટી સ્ટડી** કરવો આવશ્યક છે. તેમાં વિસ્તારની આર્થિક પ્રવૃત્તિ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, વ્યાપારની સંભાવના, અપેક્ષિત ડિપોઝિટ અને લોન વૃદ્ધિ તેમજ ખર્ચ-લાભ વિશ્લેષણનો સમાવેશ થવો જોઈએ.

**8. એન્યુઅલ બિઝનેસ પ્લાન**

જો બેંક ઓટોમેટિક રૂટ હેઠળની મર્યાદા કરતાં વધુ શાખાઓ ખોલવા માંગે છે, તો તેને નિર્ધારિત ફોર્મેટમાં એન્યુઅલ બિઝનેસ પ્લાન  તૈયાર કરીને સામાન્ય રીતે સપ્ટેમ્બર મહિનાના અંત સુધીમાં RBIને રજૂ કરવી પડશે.

**9. કાર્યક્ષેત્રનો વિસ્તરણ**

બેંક પોતાના નોંધણી રાજ્યમાં વધુમાં વધુ ત્રણ જિલ્લાઓ સુધી પોતાના કાર્યક્ષેત્રનો વિસ્તરણ RBIની પૂર્વ મંજૂરી વિના કરી શકે છે, જો તે ECBA તથા અન્ય નિયમનકારી માર્ગદર્શિકાઓનું પાલન કરે છે.

**10. એક્સ્ટેન્શન કાઉન્ટર (EC)**

બેંક શૈક્ષણિક સંસ્થાઓ, મોટી કચેરીઓ, ફેક્ટરીઓ અને હોસ્પિટલોમાં, જ્યાં તે મુખ્ય બેંકર હોય, ત્યાં એક્સ્ટેન્શન કાઉન્ટર શરૂ કરી શકે છે. આવા કાઉન્ટર મુખ્ય શાખાથી 10 કિમીની અંદર હોવા જોઈએ અને ત્યાં મર્યાદિત બેંકિંગ સેવાઓ પૂરી પાડવામાં આવશે.

**11. શાખા ખસેડવાની પ્રક્રિયા**

બેંકને પોતાની શાખા, એક્સ્ટેન્શન કાઉન્ટર અથવા ઓફિસને એક જ શહેર, ગામ કે નગરની અંદર ખસેડવા માટે RBIની પૂર્વ મંજૂરી લેવાની જરૂર નથી. પરંતુ આ નિર્ણય બોર્ડ દ્વારા લેવામાં આવવો જોઈએ અને તેની નોંધ મિનિટ્સમાં થવી આવશ્યક છે. ગ્રાહકોને ઓછામાં ઓછા એક મહિના અગાઉ સૂચના આપવી જરૂરી છે.

**12. શાખા બંધ કરવાની પ્રક્રિયા**

બેંક પોતાની શાખા બંધ કરી શકે છે, પરંતુ તે માટે નિર્ધારિત પ્રક્રિયાનું પાલન કરવું જરૂરી છે. જો બેંક RBIના વિશેષ નિયંત્રણ હેઠળ હોય, તો શાખા બંધ કરી શકાશે નહીં. શાખા બંધ કરવાનો નિર્ણય બોર્ડ દ્વારા લેવામાં આવવો જોઈએ. ગ્રાહકોને ઓછામાં ઓછા બે મહિના અગાઉ જાણ કરવી આવશ્યક છે. RBIને માહિતી આપવી, 15 દિવસની અંદર લાયસન્સ પરત કરવું અને તમામ રેકોર્ડ સુરક્ષિત રીતે જાળવવા જરૂરી છે.

**13. શાખાઓની કામગીરીની સમીક્ષા**

બેંક દ્વારા તમામ નવી તથા હાલની શાખાઓની કામગીરીનું નિયમિત મૂલ્યાંકન કરવામાં આવશે. તેમાં નફાકારકતા, વ્યવસાય વૃદ્ધિ, કાર્યક્ષમતા તથા ગ્રાહક સેવા જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે.

**14. લોસ મેકિંગ શાખાઓ અંગે કાર્યવાહી**

જો કોઈ શાખા સતત ત્રણ વર્ષ સુધી નુકસાનમાં ચાલે છે, તો બેંકે તે શાખાને ખસેડવી, નજીકની શાખા સાથે વિલીન કરવી અથવા જરૂરી મંજૂરી બાદ બંધ કરવાની કાર્યવાહી કરવી જોઈએ.

**15. નફાકારકતા માટેની શરત**

નવી શાખા શરૂ કરતા પહેલા બેંકે ખાતરી કરવી જોઈએ કે તેની ઓછામાં ઓછા 90% શાખાઓ નફામાં ચાલી રહી છે.

**16. આંતરિક નિયંત્રણ અને પાલન**

Compliance વિભાગ અને Internal Audit વિભાગ દ્વારા આ નીતિ અને RBI માર્ગદર્શિકાઓનું પાલન થાય છે કે નહીં તેની દેખરેખ રાખવામાં આવશે. કોઈપણ ભંગ અંગે બોર્ડને જાણ કરવામાં આવશે.

**17. નિયમનકારી રિપોર્ટિંગ**

શાખા વિસ્તરણ સંબંધિત તમામ માહિતી અને પ્રસ્તાવો RBIને નિર્ધારિત ફોર્મેટ અને સમયમર્યાદા અનુસાર મોકલવામાં આવશે.

**18. નીતિ સમીક્ષા**

આ નીતિની સમીક્ષા દર વર્ષે બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા કરવામાં આવશે અથવા નિયમનકારી ફેરફારોને અનુરૂપ જરૂરી હોય ત્યારે વહેલી તકે કરવામાં આવશે.